ખેડૂતના દેવાની રાહતનો
કાયદો
તેની ટૂંક સમજૂતી

આ કાયદો કેમ થયો ?

ખેડૂતની સ્થિતિ દિવસે દિવસે નબળી થતી જાય છે. વરસાદ તથા ખેતીના ઉત્પન્નના ભાવની અનિયમિતતાને લીધે ખેડૂતોની સ્થિતિ દેવાદાર થઈ ગઈ છે. ખેડૂતની સ્થિતિ સુધારવા મહાસભાવાદી સરકારે ત્રણ જાતનાં પગલાં લેવાનો નિશ્ચય કર્યો.

૧. ખેતીનું ઉત્પન્ન વધે તે માટે સારી જાતનાં ઢોર, સારું બી તથા ખાતર ખેડૂતને મળે તેની ગોઠવણ કરવી. તે માટે તેમણે ગ્રામોદ્ધારખાતું

. ખેતીના ઉત્પન્નની કિંમત સારી આવે તે માટે વેચાણ કમિટીઓની વ્યવસ્થા કરવા જોગવાઈ

. જ્યાં જ્યાં મહેસૂલનો ભાર વધારે હોય ત્યાં ઓછો કરવા કાયદામાં સુધારો કર્યો, અને જોઈતું નાણું મળે તે માટે સહકારી બેંકોની ... કરવા પ્રબંધ કર્યો. પણ આટલેથી ખેડૂતની

સ્થતિ સુધરે નહિ કારણુ તે દેવામાં ડુબી ગયો છે. દેવાનું વ્યાજ આપતાં તેનો પાર આવે તેમ નથી. તેથી ખેડુતોના દેવાનો ભાર હલકો કરવા મહાસભા વાદી સરકારે ઋણુમુક્તિનો કાયદો કર્યો. **સરકાર નક્કી કરે તે તારીખથી આ કાયદો અમલમાં આવશે,** પણુ તે કાયદો ખેડૂતને દેવામાં શી રાહત આપે છે તે દરેક ખેડૂતે જાણુવું જરૂરી છે. આ કાયદામાં ૮૬ કલમો છે અને તેમાંની કેટલીક કલમો ઘણી અટપટી છે. તેથી આ કાયદાનો લાભ લેનારે, જરૂર પડયે, આ કાયદાના અભ્યાસીની સલાહ લેવી પડશે. તોપણુ આ કાયદાની માહિતી દરેક ખેડૂતને હોવી જોઈએ તે જરૂરનું છે તેથી તે માહિતી અહીં આપવામાં આવી છે.

આ કાયદાનો લાભ કોને મળે?

દરેક ખેડૂત જે તા. ૧લી એપ્રિલ ૧૯૩૭ પહેલાંથી જાતે ખેતી કરતો હશે અને જેનું દેવું તા. ૧ જાન્યુઆરી ૧૯૩૯ના રોજ રૂ. ૧૫૦૦૦થી વધારે નહિ હોય તેને આ કાયદાનો લાભ મળશે.

ખેડૂત ખાતેદાર હશે કે ભાગે કે સાંથે ખેતી કરતો હશે તેને આ કાયદાનો લાભ મળશે.

જો તે ખેડૂત ખેતીવાડી સાથે બીજો કંઈ ધંધો રોજગાર કરતો હશે તો ખેતીવાડી અને જાતમહેનત સિવાયના બીજા ધંધામાંથી થતી આવક સાધારણુ

રીતે તેની કુલ આવકનો પાંચમો ભાગ અથવા રૂ. ૩૦૦ (એમાંથી જે રકમ વધારે હોય તે)થી વધારે નહિ હોય તો તેને ખેડૂત ગણવામાં આવશે.

જાતે ખેતી કરનાર સંયુક્ત કુટુંબ પણ આ કાયદા અંગે ખેડૂત ગણાશે. પણ તે કુટુંબ ખેતીવાડી સિવાય બીજો ધંધો કરતું હશે તો ખેતીવાડી અને જાત-મહેનત સિવાયનાં બીજાં સાધનોમાંથી તેની આવક સાધારણ રીતે તેની કુલ વાર્ષિક આવકનો પાંચમો ભાગ અથવા રૂ. ૫૦૦ (એમાંથી જે રકમ વધારે હોય તે)થી વધારે નહિ હોય તો તે કુટુંબને ખેડૂત ગણવામાં આવશે.

ઉપર જણાવ્યું તેમ તે ખેડૂત **જાતે ખેતી** કરતો હોવો જોઈએ. આ કાયદામાં જાતે ખેતી કરવી એટલે પોતાની અથવા પોતાના કુટુંબના કોઈ પણ શખસની જાતમહેનતથી જમીનની ખેતી કરવી અથવા પોતાના કુટુંબના કોઈ પણ શખસની દેખરેખ નીચે નોકરો અથવા મજૂરો મારફતે ખેતી કરવી તે. અવિભક્ત કુટુંબનો કોઈ પણ એક શખસ જમીન ખેડતો હશે તોપણ તે જમીન આખા કુટુંબે જાતે ખેડી છે એમ ગણાશે. જાતે ખેતી કરનારો કોઈ પણ શખસ પોતાના વારસ તરીકે વિધવા અથવા સગીર બાળક અથવા કોઈ પણ શારીરિક અથવા માનસિક ખોડખાંપણવાળા શખસને મૂકીને મરણ પામે તો તે

વારસ નોકર મારફત અથવા મજૂર મારફત અથવા બીજા ગણોતિયા મારફત તે જમીન ખેડાવશે તોપણ તેણે જાતે ખેતી કરેલી ગણાશે. અવિભક્ત કુટુંબમાં કોઈ પુખ્ત ઉમરનો શખસ જાતે ખેતી કરી શકે તેવો નહિ હોય તો તે કુટુંબના તરફથી નોકરો મારફતે અથવા મજૂર મારફતે અથવા ગણોતિયા મારફતે તે જમીન ખેડાતી હશે તોપણ તે જમીન અવિભક્ત કુટુંબે જાતે ખેડી છે એમ ગણવામાં આવશે.

આ કાયદામાં **ખેતી** શબ્દમાં જમીનમાં પાક ઉગાડવા ઉપરાંત બાગબાની કરવા, ફૂલઝાડનો ઉછેર કરવા, ગોરસ શાળાનો ધંધો કરવા, મરઘાં-બતકાંનો ઉછેર કરવા, ઢોરોની ઓલાદ સુધારવા તથા ગોચર તૈયાર કરવા જમીનનો ઉપયોગ થતો હશે તોપણ તે જમીન ખેતીના કામમાં વપરાય છે એમ ગણવામાં આવશે.

આ કાયદામાં **દેવું** એ શબ્દમાં દેણદારની કોઈ પણ જવાબદારી જે આપવા જોગ હોય તેનો સમાવેશ થાય છે. આ જવાબદારીને માટે તારણ આપ્યું હશે કે ન આપ્યું હશે, એ જવાબદારી દીવાની કોર્ટના હુકમનામા અથવા હુકમ અન્વયે હશે, એ જવાબદારી રોકડ પૈસાની અથવા કોઈ પણ વસ્તુની આપલેની હશે તોપણ તે દેવામાં ગણાશે. પણ ખેતી અંગેની જાતમજૂરી તથા બીજી જાતમહેનત અંગેની મજૂરીનું

જે દેવું હશે તેને આ કાયદો લાગુ પડશે નહિ.

ખેડૂતના તમામ જાતના દેવામાં છૂટછાટ મૂકવાનો આ કાયદાનો ઇરાદો નહિ હોવાથી **નીચેનાં દેવાં બાતલ રાખવામાં આવ્યાં છે,** અને તેથી ખેડૂતના દેવાના તોડજોડમાં તે દેવાંનો સમાવેશ થશે નહિ.

૧. સરકારની મહેસૂલ અથવા સરકારનો કર અથવા લોન તરીકે ધીરેલી બીજી સરકારની જે રકમ આપવાની હોય તે;

૨. લોકલ બોર્ડ તથા મ્યુનિસિપાલિટી તથા એવી બીજી સ્થાનિક સંસ્થાઓના જે કર આપવાના હોય તે, અથવા તો તેમણે લોન તરીકે જે રકમ ધીરી હોય ને તે આપવાની હોય તે;

૩. સહકારી મંડળીઓનું જે દેવું આપવાનું હશે તે;

૪. કોર્ટે કરેલા ખોરાકીના હુકમનામા અન્વયે જે આપવાનું હશે તે;

૫. તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૯ પછી ખેતીને માટે જે રકમ ધીરવામાં આવી હશે તે.

દેણદારના ઉપર લખેલા દેવાને આ કાયદો લાગુ પડતો નથી, તોપણ કમિટી આગળ દેવાની તોડ-જોડની અરજી થયા પછી કમિટી કલેકટરને તેમ જ કોઓપરેટીવ સોસાયટીને તેમ જ લોકલ બોર્ડ કે એવી સ્થાનિક સંસ્થાને તથા ખોરાકીનું હુકમનામું જેના

લાભમાં થયું હશે તેને નોટિસ આપી તેમનું તે દેણદાર પાસે કેટલું લેણું છે તેની હકીકત માગશે. અને કલેકટર તેમ જ કોઓપરેટીવ સોસાયટી તે દેવામાં કેટલી છૂટછાટ મૂકવા માગે છે તે મંગાવશે.

દેવાના ફડચાની કમિટી

કમિટીનું બંધારણ: ખેડૂતના દેવાની તપાસ કરી તેનો તોડજોડ કરવા સરકાર જુદા જુદા સ્થાનિક વિસ્તારો માટે જુદી જુદી કમિટીઓ અથવા કોઈ પણ વિસ્તારમાંના અમુક વર્ગના દેણદારો માટે ખાસ કમિટી સ્થાપશે અને તેની જાહેરાત સરકારી ગેઝેટમાં કરશે. આ કમિટીમાં જેણે હિંદુસ્તાનમાં સરકારી નોકરી કરી હોય અથવા તો નોકરી કરતો હોય તેવા એક અધિકારી એકલાને જ નીમવામાં આવશે; અથવા તો ત્રણથી ઓછા નહિ અને પાંચથી વધારે નહિ તેટલા સભ્યો નીમવામાં આવશે. આ સભ્યો સરકાર ઠરાવે તેવી લાયકાતવાળા હોવા જોઈએ.

આ કમિટીના સભ્યો પૈકી એકને પ્રમુખ નીમવામાં આવશે અને બીજા એકને ઉપપ્રમુખ નિમવામાં આવશે. કમિટીના પ્રમુખ અને સભ્યો કોઈ પણ બાબતમાં એકમત થઈ શકે નહિ તો બહુમતીના અભિપ્રાય મુજબ કામ લેવામાં આવશે, અને જો કોઈ પણ બાબત ઉપર બે બાજુ સરખા મત થશે તો પ્રમુખને એક વધુ મત આપવાનો અધિકાર

રહેશે. જ્યાં કમિટી પાંચ સભ્યોની હશે ત્યાં કામ ચલાવવાને માટે ઓછામાં ઓછા ત્રણ સભ્યોની હાજરીની જરૂર પડશે, અને કમિટી જ્યાં ચાર અથવા ત્રણ સભ્યોની બનેલી હશે ત્યાં ઓછામાં ઓછા બે સભ્યોની હાજરીની જરૂર પડશે.

જો આ કમિટી એક જ અધિકારીની બનેલી હશે તો તે અધિકારીને મદદ કરવા, સરકારને ઠીક લાગે તો, વધારેમાં વધારે ચાર એસેસરો નીમશે.

કમિટી સમક્ષના કોઈ પણ કામમાંના લેવડદેવડમાં કમિટીના કોઈ પણ સભ્યનો પોતાનો અથવા પોતાના ભાગીદાર મારફત સીધી યા આડકતરી રીતે કંઈ હિસ્સો અથવા હિતસંબંધ હશે, તો તે સભ્ય એવા કામના સંબંધમાં કમિટીના સભ્ય તરીકે કામ કરી શકશે નહિ.

કોઈ પણ કમિટીને બરખાસ્ત કરવા અને તેની જગ્યાએ નવી કમિટી નીમવાને તેમ જ કમિટીના સઘળા અથવા કોઈ પણ સભ્યને દૂર કરવાને અને તેની જગ્યાએ બીજા સભ્યોને નીમવાને સરકારને કુલ સત્તા છે.

કમિટીના અધિકાર: આ કમિટી આગળ આવતા તમામ કેસોમાં લેણદારોના હક તથા લેણદારો પૈકી પહેલી પસંદગી આપવાનો પ્રશ્ન અથવા બીજા કોઈ પણ પ્રકારના પ્રશ્નો ઉત્પન્ન થતા હશે અને તેમાં

કાયદા અથવા પુરાવાના સવાલ હશે તોપણ તેવા તમામ પ્રશ્નોનો નિકાલ કરવાની સત્તા આ કમિટીને છે. તેમ જ દેવાની સંપૂર્ણ તોડજોડ કરવા સારુ, તેમ જ કોઈ પણ કેસમાં સંપૂર્ણ ન્યાય આપવા સારુ, જે જે પ્રશ્નોનો નિર્ણય કરવાનું કમિટીને જરૂરનું જણાય તેવા સઘળા પ્રશ્નોનો નિર્ણય કરવાની સત્તા આ કમિટીને છે.

આ કાયદાની રૂએ કમિટી સમક્ષ ચાલતા કોઈ પણ કામમાં કોઈ પણ પ્લીડર, વકીલ અથવા મુખત્યાર કોઈ પણ પક્ષકારની વતી હાજર રહી શકશે નહિ, પરંતુ પક્ષકારોને તપાસ્યા પછી કમિટીને એમ લાગે કે પક્ષકારો પૈકી કોઈ પોતાની હકીકત કમિટી આગળ બરાબર રીતે મૂકવાને શક્તિમાન નથી અને ઇન્સાફની ખાતર તે પક્ષકારને વકીલની મદદ લેવા દેવાની જરૂર છે, તો તે પક્ષકારને વકીલ મારફત હાજર થવાની કમિટી રજા આપશે. વળી જે સ્ત્રીને કોર્ટમાં જાતે હાજરી આપવામાંથી મુક્ત કરવામાં આવી હશે તેની તરફથી રીતસર નિમાયેલ મુખત્યાર કમિટી સમક્ષ હાજર રહી શકશે.

કમિટીના ચેરમેન અથવા કોઈ પણ મેમ્બરે અથવા કોઈ પણ સરકારી નોકરે આ કાયદાની રૂએ શુદ્ધબુદ્ધિથી જે કંઈ કર્યું હશે તેના સંબંધમાં તેમની

સામે દાવો કે ફરિયાદ ચાલી શકશે નહિ તેમ જ કોઈ પણ જાતનાં કાયદેસર પગલાં લઈ શકાશે નહિ.

કમિટી ઉપર કોર્ટની દેખરેખ: જે ફર્સ્ટ કલાસ સબજજની હકૂમત નીચેના વિસ્તારમાં આ કમિટી હશે તે ફર્સ્ટ કલાસ સબજજના તાબામાં આ કમિટી રહેશે અને તે ફર્સ્ટ કલાસ સબજજને અથવા તેણે નીમેલા બીજા કોઈ અધિકારીને આ કમિટીના કામકાજના કાગળો તપાસવાનો તથા કમિટી પાસે વખતોવખત જોઈતી હકીકત અથવા માહિતી માગવાનો અધિકાર છે.

કોઈ પણ ફર્સ્ટ કલાસ સબજજ પોતાની મરજીથી અથવા કોઈ પણ શખસની અરજી ઉપરથી પોતાની સ્થાનિક હદમાં સ્થપાયેલી કોઈ પણ કમિટી આગળ ચાલુ હોય તેવી દેવાના તોડજોડની કોઈ પણ અરજી કોઈ પણ તબક્કે તે કમિટી આગળથી પોતાની હદમાં આવેલી બીજી કમિટી આગળ ફેરફાર કરી શકશે.

દેવાની તોડજોડની અરજી

જ્યારથી કોઈ સ્થાનિક વિસ્તારમાં આવી કમિટી સ્થાપવામાં આવે ત્યારથી **અઢાર માસની અંદર** તે વિસ્તારમાં રહેતો કોઈ પણ દેણદાર સદરહુ કમિટીને પોતાના દેવાની તોડજોડ કરવા અરજી કરી

શકશે. જે દેણુદારનું દેવું તા. ૧ જાન્યુઆરી ૧૯૩૯ના રોજ રૂા. ૧૫૦૦૦) પંદર હજારથી વધારે હશે તેના સંબંધી આવી તોડજોડની અરજી થઈ શકશે નહિ. આવી અરજી સાથે કાયદામાં ઠરાવ્યા પ્રમાણે કોર્ટ ફી રજૂ કરવી જોઈશે તેમ જ કાયદામાં જણાવેલી તમામ હકીકતો અરજીમાં બતાવવી પડશે.

જો દેણુદારે એ પ્રમાણે અરજી ન કરી હોય તો તેનો લેણદાર (ઉપર લખ્યા પ્રમાણેના) અઢાર માસની મુદતમાં તે દેણદારના દેવાની તોડજોડ કરવા અરજી કરી શકશે.

જે સ્થાનિક વિસ્તારમાં દેણુદાર અથવા દેણુદાર પૈકી ગમે તે એક રહેતો હશે તે વિસ્તારમાં સ્થપાયેલી કમિટીને અરજી કરવાની છે, પણ જો કોઈ વિસ્તારમાં કોઈ અમુક વર્ગના દેણુદારો માટે ખાસ કમિટીની સ્થાપના કરવામાં આવી હશે અને દેણદાર અથવા દેણુદારો પૈકી કોઈ પણ, તે વર્ગના હશે તો, તે વર્ગને માટે નીમેલી ખાસ કમિટી આગળ આવી અરજી કરવી પડશે.

જો એક જ કમિટી આગળ કોઈ દેણુદાર વિરુદ્ધ અથવા સહદેણુદારો વિરુદ્ધ એક કરતાં વધારે આવી જુદી અરજીઓ કરવામાં આવી હશે તો તે બધી અરજીઓ એકત્રિત કરવામાં આવશે. જો કોઈ પણ દેણુદારના સંબંધમાં, અથવા સહદેણુદારો પૈકી એક

 ૨૨૦૭૯

અથવા વધારે દેણદારોના સંબંધમાં જુદી જુદી કમિટીઓ આગળ એક કરતાં વધારે તોડજોડની અરજીઓ કરવામાં આવી હશે તો તે અરજીઓ એક જ ઠેકાણે ચલાવવાનો પ્રબંધ કાયદામાં કરવામાં આવેલો છે.

દેવાની તોડજોડની અરજી કમિટી આગળ કરવામાં નહિ આવી હોય તોપણ દેણદાર પોતાના લેણદારને લેખિત નોટિસ આપીને લેણાની પ્રમાણિક અને ખરી કેફિયતની માગણી કરી શકશે. એવી નોટિસ મળ્યેથી **એક માસની અંદર** લેણદારે કમિટી સમક્ષ તે કેફિયત રજૂ કરવી અને તેની એક નકલ દેણદારને મોકલવી. એ જ પ્રમાણે લેણદારની નોટિસ મળ્યેથી દેણદારે **બે માસની અંદર** પોતાના તમામ દેવા સંબંધી નીચેની હકીકત મોકલવી :

૧. પોતે ખેતી માટે કેટલી જમીન ધારણ કરે છે.

૨. તે પોતે જાતે ખેતી કરે છે કે કેમ.

૩. નોટીસ મળ્યે તેના આગલા વરસની ખેતીની તથા બિન-ખેતીની આવક કેટલી હતી.

આ બાબતની પ્રમાણિક અને ખરી કેફિયત તેણે કમિટી આગળ રજૂ કરવી અને તેની એક નકલ લેણદારને મોકલવી. ઉપર પ્રમાણે લેણદાર

અથવા દેણુદાર જે નોટિસ આપે તેની એક નકલ તેણે કમિટીને મોકલવાની છે.

દેવાની ખાનગી પતાવટ

જો કોઈ પણ દેણુદાર અને તેના લેણદારોમાંના કોઈ પણ અથવા બધા લેણદારો તે દેણુદાર પાસેથી લેણા નીકળતા કોઈ પણ દેવા સંબંધી ખાનગી પતાવટ ઉપર આવે, તો તે દેણુદાર અથવા તે લેણદારોમાંનો કોઈ પણ લેણદાર પોતાના વિસ્તારમાં આવેલી કમિટીને તે પતાવટ નોંધવા અરજી કરી શકશે. પણ આવી અરજી તે પતાવટ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર કરવી જોઈએ. આવી અરજી સાથે રૂપિયો એક કોર્ટ ફી તરીકે રજૂ કરવો પડશે. એવી અરજી મળ્યેથી કમિટીને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી ખાતરી થાય કે :

अ. તે પતાવટ શુદ્ધબુદ્ધિથી કરવામાં આવેલી છે.

ब. તે પતાવટ તે દેણુદારના લેણદારોમાંના કોઈ પણ લેણદારનાં નાણાં ડુબાવવા અથવા તે આપવામાં ઢીલ કરવાના ઇરાદાથી કરવામાં આવી નથી.

क. તે પતાવટ તે દેણુદારના હિતમાં છે.

ड. જે દેણુદારોને આ કાયદાનો લાભ મળી શકે તેવો દેણુદાર તે છે, તો તે પતાવટ કમિટી નોંધશે અને તેનો દાખલો આપશે. તે પતાવટ નોંધ્યા પછી, આ સિવાય બીજું કંઈ દેવું દેણુદારને છે કે કેમ,

તે સંબંધી કમિટી દેણુદારની પાસેથી હકીકત પૂછી રજૂ કરાવશે. જો પતાવટમાં નહિ આવ્યું હોય તેવું બીજુ દેવું દેણુદારને નહિ હોય તો કમિટી તે પતાવટ પ્રમાણે પોતાનો ફેંસલો આપશે, પણ જો કમિટીને એમ લાગશે કે દેણુદારને પતાવટમાં નહિ સમાયેલું એવું બીજું દેવું છે તો તે પતાવટની અરજીને તોડજોડની ગણી, કમિટી દેવાના તોડજોડનું કામ આગળ ચલાવશે.

કમિટી આગળ દેવાની તોડજોડનું કામ ચાલતું હશે તે દરમિયાન દેણુદાર અને તેના બધા લેણુદારોની વચ્ચે જો સમાધાનથી પતાવટ થશે, અને કમિટીને એમ જણાશે કે દેણુદારે રાજીખુશીથી એ પતાવટ કરી છે અને તે પતાવટ દેણુદારના હિતમાં છે તો કમિટી તે પતાવટ પ્રમાણે પોતાનો ફેંસલો આપશે.

જે વિભાગમાં દેણુદાર રહેતો હશે તે વિભાગમાં કમિટી સ્થપાયા પછી અથવા જે વર્ગનો દેણુદાર હશે તે વર્ગ માટે ખાસ કમિટીની સ્થાપના થયા પછી, ઉપર જણાવ્યા સિવાય કોઈ પણ રીતે દેણુદારના કોઈ પણ દેવાની પતાવટ કરવામાં આવી હશે તો તે પતાવટ રદ ગણવામાં આવશે.

દેવાની તોડજોડ માટે અથવા દેવાની ખાનગી પતાવટ નોંધવાને માટે કમિટી આગળ જે અરજી કરવામાં આવી હશે તે પાછી ખેંચી શકાશે નહિ.

અરજીના અભાવે દેવું રદ ગણાશે

(૧) જે દેવાના સંબંધમાં ઉપર જણાવ્યા પ્રમાણે **મુદ્દત અંદર** તોડજોડની અરજી નહિ કરવામાં આવી હોય અથવા (૨) દેવાની ખાનગી પતાવટ નોંધવા **મુદ્દત અંદર** અરજી નહિ કરવામાં આવી હોય અથવા (૩) તે અરજીઓ કર્યા પછી પાછી ખેંચી લેવામાં આવી હશે અથવા (૪) કોર્ટ આગળ તોડજોડની અરજી થયા પછી કોર્ટે લેણદાર પાસે લેણાની તપસીલ માગ્યા છતાં તે તપસીલ નહિ આપી હોય તો તે દેવું ભરપાઈ થઈ ગયેલું ગણાશે.

પણ જો કોર્ટને એમ લાગે કે લેણદારે મુદ્દતસર અરજી નહિ કરી અથવા કોર્ટે માગેલી દેવાની તપસીલ નહિ આપી તેને માટે ખાસ કારણો હતાં તો તે લેણદારને કોર્ટ ઉપલા નિયમમાંથી મુક્ત કરશે. વળી જો કોઈ દેણદાર પોતાના લેણદારને એવું માનવાનું કારણ આપશે કે, તે દેણદારને આ કાયદો લાગુ પડતો નથી અને તેથી આ કાયદા પ્રમાણે તેની સામે અરજી થઈ શકતી નથી તો તે કેસમાં પણ આ નિયમ લાગુ પડશે નહિ.

ચાલુ દાવા તથા હુકમનામાં કમિટીને સોંપાશે

જે શખ્સ આ કાયદામાં જણાવેલી વ્યાખ્યા પ્રમાણે દેણદાર હશે અને તેની સામે લેણું વસૂલ કરવા માટે

દીવાની કોર્ટમાં દાવો ચાલતો હશે અથવા તો હુકમ-નામાની બજવણી ચાલતી હશે અને જે વિભાગમાં દેણદાર રહેતો હશે તે વિભાગ માટે કમિટીની સ્થાપના થઈ હશે તો, અને તે દેણદારનું કુલ દેવું રૂપિયા પંદર હજારથી વધારે નહિ હોય તો તે ચાલતો દાવો અથવા હુકમનામાની બજવણીનું કામ બંધ રાખી તે કામ કમિટી આગળ મોકલવામાં આવશે.

દેવામાં જુદી જુદી રાહત

આ કાયદામાં બતાવેલી રીત તથા સૂચના પ્રમાણે કમિટી દેવાની તોડજોડ કરશે. હુકમનામા અંગેના દેવાને પણ તે નિયમો લાગુ પડે છે. આ સૂચનાઓ પૈકી મુખ્ય નીચે પ્રમાણે છે:

૧. વ્યાજમુદ્દલનો જુદો હિસાબ પહેલેથી લેવાશે: પક્ષકારો વચ્ચે લેણદેણનો હિસાબ અમુક રીતે નક્કી કરવો એવો ઠરાવ થયો હશે અથવા તો પક્ષકારો વચ્ચે ચક્રવૃદ્ધિ વ્યાજ ગણવું એવો ઠરાવ થયો હશે, અથવા તો પક્ષકારો વચ્ચે આગલું લેણ-દેણ બંધ કરી નવું લેણદેણ શરૂ કરવાના કરાર અથવા લખાણ થયાં હશે તોપણ તે બંધનકારક ગણાશે નહિ.

લેણદેણ શરૂ થઈ ત્યારથી લેણદેણની વિગત અને ગુણદોષ કમિટી તપાસશે, પણ આ કાયદો અમલમાં આવ્યાની તારીખથી વીસ વરસ ઉપરાંતનું

લેણદેણ હશે અને તે વીસ વરસ પહેલાં છેલ્લામાં છેલ્લું પક્ષકારો વચ્ચે લેણદેણનો હિસાબ થઈ લેખિત બાકી કાઢવામાં આવી હશે અને તે ઉપર દેણદાર અથવા જેની મારફત દેણદારને દેવું પ્રાપ્ત થયું હોય તે શખસની સહી હશે, તો તે કાઢેલી બાકી બન્ને પક્ષકારોને બંધનકારક ગણાશે અને તે પહેલાંનો હિસાબ તપાસવામાં આવશે નહિ.

જો દેણદાર પોતાનું દેવું કબૂલ કરતો હશે અને કમિટીને એમ લાગશે કે તે કબૂલાત સાચી છે અને દેણદાર રાજીખુશીથી કબૂલ કરે છે, તો લેણદેણનો હિસાબ તપાસવો કે નહિ તે કમિટીની મુનસફીની વાત છે.

૨. મુદ્દલ કરતાં વધારે વ્યાજ નહીં મળે. વધારે લીધું હશે તો મજરે આપવું પડશે: દેણદાર પાસે કમિટી આગળ અરજી થયાની તારીખ સુધીમાં મુદ્દલ પેટે અને વ્યાજ પેટે કેટલું લેણું નીકળે છે તે જુદું જુદું નક્કી કરવામાં આવશે. દેણદારને જે રોકડ અથવા માલ આપ્યો હશે તેની કિંમત મુદ્દલ પેટે ઉધારવામાં આવશે. તે પ્રમાણે નક્કી કરતાં જો વ્યાજની રકમ મુદ્દલની રકમ કરતાં વધારે હશે તો મુદ્દલ જેટલી જ વ્યાજની રકમ અપાવવામાં આવશે.

૩. સાદું વ્યાજ નવથી બાર ટકા અને વ્યાજમુદ્દલમાં ત્રીસથી ચાળીસ ટકાનો કાપ:

તા. ૧લી જાન્યુઆરી સને ૧૯૩૧ પહેલાં જે લેણદેણ શરૂ થયું હશે તે બાબતમાં ઉપર પ્રમાણે લેણદારનો હિસાબ કરતાં તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૧ સુધી **બાર ટકાનું સાદું વ્યાજ** ગણવામાં આવશે, પણ જો પક્ષકારો વચ્ચે થયેલા કરાર પ્રમાણે બાર ટકાથી ઓછું વ્યાજ ગણવાનું હોય તો તે કરાર પ્રમાણે ઓછું વ્યાજ ગણવામાં આવશે. આ પ્રમાણે તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૧ના રોજ મુદ્દલ તથા વ્યાજની જે જુદી જુદી રકમો માલૂમ પડશે તે દરેકમાંથી **૪૦ ટકા** કાપી નાખવામાં આવશે. પણ જો તે લેણ-દેણ તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૦ પછી શરૂ થયું હશે તો ૩૦ ટકાનો કાપ મુકાશે તે પ્રમાણે કાપતાં મુદ્દલની તથા વ્યાજની જે રકમ તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૧ના રોજ નીકળશે, તે રકમ તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૧ના રોજ દેણદાર પાસે લેણી છે એમ ગણાશે. ત્યાર પછી એટલે તા. ૧લી જાન્યુ-આરી સને ૧૯૩૧થી કમિટી આગળ દાવો કર્યાની તારીખ સુધીના મુદ્દલ અને વ્યાજનો જુદો જુદો હિસાબ ગણવામાં આવશે અને તે હિસાબ ગણવામાં **નવ ટકાનું સાદું વ્યાજ** ગણવામાં આવશે. પણ પક્ષકારો વચ્ચેના કરાર પ્રમાણે નવ ટકાથી ઓછા વ્યાજનો દર આપવાનો હશે તો તે પ્રમાણે ઓછા વ્યાજનો દર ગણવામાં આવશે. આ પ્રમાણે ગણતાં

મુદ્દલ અને વ્યાજની જે જુદી જુદી રકમ થશે થશે તે દેણદાર પાસે લેણી છે એમ ગણાશે.

પક્ષકારો વચ્ચે થયેલા હુકમનામા પ્રમાણે ઉપર લખેલા વ્યાજના દર કરતાં કોર્ટે ઓછો વ્યાજનો દર અપાવ્યો હશે તો કોર્ટે જે દર પ્રમાણે વ્યાજ અપાવ્યું હશે તે દર પ્રમાણેનું વ્યાજ ગણવામાં આવશે.

લેણદેણનો ઉપર પ્રમાણે હિસાબ કરવામાં સાદું વ્યાજ ગણવામાં આવશે.

ગીરોની મિલકતની ઊપજ વ્યાજના બદલામાં લેવાનો કરાર હશે તોપણ તે કરાર બંધનકર્તા ગણાશે નહિ.

૪. કમિટી વેચાણખત ગીરોખત ઠરાવી શકશે: કમિટી આગળના દાવાની સુનાવણી દરમિયાન એવી તકરાર કરવામાં આવે કે દેણદારની જમીનનું વેચાણખત ખરું વેચાણ નથી પણ **ગીરો-ખત** છે, તો તે ખત વેચાણનું નથી પણ ગીરોનું છે એવું ઠરાવવાની કમિટીને સત્તા છે. પણ નીચે લખેલી બાબતમાં આ નિયમ લાગુ પડશે નહિ.

अ. તા. ૧લી જાન્યુઆરી ૧૯૨૭ પહેલાંનું તે વેચાણખત હશે તેને;

ब. કોર્ટના હુકમનામાથી જે ખત વેચાણખત છે, એવું ઠરાવવામાં આવ્યું હશે તેને;

ક. આ મિલકત લેનારે એ મિલકત તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૯૩૯ પહેલાં કોઈ ત્રીજા શખસને વેચાણ આપી દીધી હશે તો.

૫. દેવું આપવાની શક્તિ પ્રમાણે દેવામાં કાપ : દેણદારનું દેવું ઉપર જણાવ્યા પ્રમાણે નક્કી કરી તે ઉપર ત્રીસથી ચાળીસ ટકાનો કાપ મૂક્યા પછી ખેડૂતની દેવું આપવાની શક્તિ કેટલી છે તે નક્કી કરવાનું છે. કારણ કે, ખેડૂતનું દેવું ગમે તેટલું હોય પણ તે દેવું આપવાની તેની શક્તિ ન હોય તો તે પ્રમાણે તેને રાહત આપવાનું આ કાયદામાં ઠરાવ્યું છે. દેણદારની તે શક્તિ નક્કી કરવા સારુ દેણદારની મિલકતની કિંમત નક્કી કરવામાં આવશે અને તે કિંમતના સાધારણ રીતે એંસી ટકા જેટલી તેની શક્તિ છે એમ ઠરાવવામાં આવશે અને તે ઉપરાંતનું દેવું રદ કરવામાં આવશે. કમિટી દેણદારની સ્થાવર તથા જંગમ મિલકત તથા તેની કિંમત નક્કી કરશે. દીવાની કાયદાની રૂએ જે મિલકત હુકમનામાની બજવણીમાં લઈ શકાય નહિ એમ કાયદામાં ઠરાવ્યું હશે તે મિલકત બાતલ રાખવામાં આવશે. ગીરોવાળી મિલકતની કિંમત નક્કી કરતાં સરકારી મહેસૂલની કે લોકલ બોર્ડની લહેણી રકમો, આ મિલકતની કિંમતમાંથી બાદ કરવામાં આવશે. ગીરો ન હોય તેવી મિલકતની કિંમતમાંથી સહકારી

મંડળીઓ વગેરેનાં નીકળતાં નાણાંની રકમ બાદ કરવામાં આવશે.

દેણદારની મિલકતની કિંમત નક્કી શી :રીતે કરવી તે સંબંધી આ કાયદામાં નિયમો આપવામાં આવેલા છે. કમિટીએ તે પ્રમાણે તે કિંમત નક્કી કરવાની છે.

દેણદારે પોતાનાં કોઈ પણ લેણદારોનાં નાણાં ડુબાવવા અથવા તે આપવામાં ઢીલ કરવાના ઇરાદાથી તેની મિલકત કોઈ પણ બીજાને નામે ચડાવી હોય અથવા તે મિલકત ઉપર બોજો ઊભો કર્યો હોય તો તે રદ બાતલ ગણાશે અને કમિટી તે રદ બાતલ છે એમ જાહેર કરશે.

દેણદારની મિલકતની કિંમત નકકી કર્યા પછી દેણદારની દેવું આપવાની શક્તિ કેટલી છે તે કમિટી નીચે પ્રમાણે નકકી કરશે.

अ. ગીરો મિલકતની કિંમતના એંશી ટકા ગણતાં જે રકમ આવે તેના કરતાં ગીરોનું દેવું ઓછું હશે તો ઉપર જણાવેલી એંશી ટકાની રકમ-માંથી ગીરોનું દેવું બાદ કરતાં જે રકમ રહે તે

ब. ગીરો ન હોય તેવી સ્થાવર મિલકતના એંશી ટકા.

क. જંગમ મિલકતની કિંમતના એંશી ટકા.

આ ત્રણેનો સરવાળો કરતાં જે રકમ આવે તે દેણદારની દેવું આપવાની શક્તિ ગણાશે.

દેણદારનું દેવું તથા દેવું આપવાની શક્તિ નક્કી કર્યા પછી કમિટી દેણદારનું દેવું આપવાની શક્તિ ઉપરાંતનું દેવું કમી કરી નાખશે.

અ. જો ખેડૂતનું દેવું ગીરોખતના રૂએ હશે અને તે ગીરોનું દેવું જે નક્કી કરવામાં આવે તે ખેડૂતની ગીરો મિલકતની કિંમતના એંશી ટકાથી વધારે હશે તો તે દેવાને તે મિલકતની કિંમતના એંશી ટકા ઉપર લાવી મૂકવામાં આવશે.

બ. જો ખેડૂતનું દેવું ગીરો દસ્તાવેજની રૂએ નહિ હોય તો કુલ દેવું કાપીને ખેડૂતની દેવું આપવાની શક્તિની ઠરાવેલી રકમ ઉપર લાવી મૂકવામાં આવશે. (એટલે કે, મિલકતના એંશી ટકા ઉપર લાવી મૂકવામાં આવશે.)

ક. જો કેટલાંક દેવાં ગીરોનાં હશે અને કેટલાંક દેવાં સાદાં હશે તો ગીરોવાળાં દેવાં કાપીને ગીરોવાળી મિલકતના ૮૦ ટકા ઉપર લાવવામાં આવશે અને પછી બાકીનું દેવું કાપીને બાકીની મિલકતના ૮૦ ટકા ઉપર લાવવામાં આવશે.

ઉપરનાથી જણાશે કે, સાધારણ રીતે દેણદારની મિલકતની કિંમત કમિટીએ નક્કી કરી હશે તેના એંશી ટકા ઉપરાંતનું દેવું કમી કરી નાખવામાં આવશે.

૬. દેવું આપવા હલકા હપતા : કમિટી ઉપર પ્રમાણે દેવું કમી કર્યા પછી બાકી રહેલા દેવાની રકમનો ચુકાદો આપશે અને કેટલા હપતામાં તે દેવું આપી દેવાનું છે તે નક્કી કરશે, પણ પચીસથી વધારે હપતા આપવામાં આવશે નહિ. દેણદારની કુલ ચોખ્ખી આવકથી વધારે રકમનો હપતો નક્કી કરવામાં આવશે નહિ.

જો કોઈ પણ કારણસર અડધું અથવા તેથી વધારે જમીનમહેસૂલ મુલતવી રાખવામાં આવશે તો કમિટીના ફેંસલા અન્વયે જે હપતો તે વરસ માટે આપવાનો હશે તે તથા ત્યાર પછીના દરેક વરસે આપવાનો હપતો એકેક વરસ મુલતવી રાખવામાં આવશે. પણ જો જમીનમહેસૂલ અડધા કરતાં ઓછું મુલતવી રાખવામાં આવ્યું હશે અથવા માફ કરવામાં આવ્યું હશે તો તે વરસનો અડધો હપતો અને ત્યારપછીના દરેક વરસનો આખો હપતો એક વરસ માટે મુલતવી રાખવામાં આવશે.

આ હપતાની રકમ નક્કી કરતી વખતે કમિટી તે દેણદારની વાર્ષિક ચોખ્ખી આવક ધ્યાનમાં લેશે અને તેવી આવકથી વધારે રકમના હપતા આપશે નહિ.

આ કલમ માટે દેણદારની વાર્ષિક ચોખ્ખી આવક નક્કી કરવા માટે દેણદાર અને તેના આશ્રિતોના ભરણપોષણ માટે જરૂરની લાગે તેટલી રકમ

તથા સરકારના તથા લોકલ બોર્ડ જેવી સ્થાનિક સંસ્થાઓના તથા પાક ઉપર કરેલા દેવાની રકમ બાદ કરતાં જે રકમ બાકી રહેશે તે તેની વાર્ષિક આવક ગણાશે.

૭. ગીરો મૂકેલી મિલકત પાછી મળશે: કોઈ પણ મિલકત લેણદારના કબજામાં હોય તો તે મિલકત કઈ શરતોને અવલંબીને દેણદારને પાછી અપાવવી તે કમિટી નક્કી કરશે. ગીરોની મુદત પૂરી નહિ થઈ હોય અથવા ગીરોનું દેવું પૂરું અદા નહિ થયું હોય તોપણ કમિટી તે મિલકત દેણદારને પાછી આપવાનો હુકમ કરી શકશે.

૮. તમામ દેવાની એકદમ પતાવટ: પ્રોવિન્શિયલ બેંક મારફત દેણદારના તમામ દેવાની એકદમ પતાવટ કરવાની સત્તા કમિટીને રહેશે. દેણદારના બધા લેણદારો કબૂલ કરશે તો કમિટી દેણદારની સ્થાવર મિલકતની કિંમતના પચાસ ટકા જેટલું દેણદારનું દેવું કમી કરી નાખશે અને તે પ્રમાણે કમી કરેલા દેવા પેટે લેણદારોને પ્રોવિન્શિયલ લેન્ડ મોર્ટગેજ બેન્કના બૉન્ડ આપશે. સદરહુ બૉન્ડની રકમ માટે પ્રાંતિક સરકારની હામી રહેશે.

આ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં કોઈ પણ દેણદારના દેવાની તોડજોડ કરવા માટેની અરજી જે કમિટીને કરી હોય તે કમિટીને અથવા

ચુકાદાની ઉપર જે કોર્ટને અપીલ કરી હોય તે કોર્ટને કોઈ પણ વખત ખાતરી થાય કે તે દેણદારના હિતની ખાતર તેનાં દેવાં અગર તે દેવાંનો ભાગ અદા કરવાના કારણ સારુ તેની મિલકત અથવા તે મિલકતનો કોઈ પણ ભાગ વેચી નાખવો જોઈએ તો તે કમિટી અથવા કોર્ટ તે કારણ સારુ તે મિલકત વેચી નાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે. અને ઉપર પ્રમાણે વેચી નાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મિલકત ઠરાવેલી રીતે કલેક્ટરે વેચવી.

૯. પૂરતી મિલકતને અભાવે નાદાર ઠરાવશે. કમિટી આગળ ચાલતા કામમાં કોઈ પણ તબક્કે કમિટીને એમ માલૂમ પડે કે દેણદારનું દેવું કાયદામાં ફરમાવ્યા પ્રમાણે કમી કરવામાં આવે તોપણ તે દેવું આપવાની તેની શક્તિ નથી અથવા કમિટીને કોઈ પણ કારણસર એમ માલૂમ પડે કે પચીસથી વધારે નહિ એવા હપતાથી દેણદારનું દેવું પતી શકે તેમ નથી તો કમિટી તે દેણદારને નાદાર જાહેર કરવા મુખત્યાર છે.

જે કોર્ટને કમિટીનો ફેંસલો બજવણી માટે મોકલવામાં આવ્યો હશે તે કોર્ટને એમ માલૂમ પડે કે દેણદારની જંગમ મિલકતના વેચાણમાંથી લાગલાગટ બે હપતા અથવા બધા મળીને ત્રણ હપતા વસૂલ થઈ

શકે તેમ નથી તો કોર્ટ તે દેણદારને નાદાર જાહેર કરવા મુખત્યાર છે.

કમિટીએ અથવા કોર્ટે ઉપર પ્રમાણે દેણદારને નાદાર ઠરાવ્યા પછી, કમિટી અથવા કોર્ટ તે દેણદાર સામેનું જે દેવું હશે તેની ભરપાઈને માટે, તે દેણદારની જે મિલકત કાયદાથી જપ્તીમાં લઈ શકાય એવી હશે તે મિલકતનો અડધો ભાગ, તમામ પ્રકારના બોજામાંથી મુકત કરી વેચવાનો હુકમ કરી શકશે.

જો ઉપર પ્રમાણે તે દેણદારની અડધી મિલકત વેચ્યા પછી છ એકર બાગાયત જમીન અથવા અઢાર એકર જરાયત જમીન અથવા જેનું ત્રીસ રૂપિયા વાર્ષિક એસેસમેન્ટ હોય તેટલી જમીનથી વધારે જમીન દેણદાર પાસે રહી હશે તો તે વધારાની જમીન પણ તમામ પ્રકારના બોજામાંથી મુકત કરી દેવું આપવા વેચી નાખવામાં આવશે.

દેણદારની નાદારીના સંબંધમાં બીજી કોઈ પણ કોર્ટમાં કોઈ પણ અરજી કરી શકાશે નહિ અથવા તેવી નાદારીના સંબંધમાં કોઈ પણ કામનો બીજી કોઈ પણ કોર્ટ નિકાલ કરી શકશે નહિ.

તે નાદારે પોતાનાં દેવાં તથા મિલકત સંબંધી તમામ જરૂરી હકીકત કમિટીને જણાવી નથી, એ જ કારણસર ફકત આ કામમાં નાદારીનો જે ઠરાવ કમિટીએ કર્યો હશે તે ઉપર અપીલ થઈ શકશે.

નક્કી કરેલા દેવા ઉપરાંતનું દેવું રદ. દેવામાં ઉપર લખેલી જુદી જુદી રાહતો આપ્યા પછી દેણદારે આપવાની દેવાની જે છેવટની રકમ કમિટી નક્કી કરશે તે ઉપરાંતનું દેવું રદ થઈ ગયેલું ગણાશે અને તે રદ થયેલું દેવું દેણદાર પાસેથી અથવા તેની કોઈ પણ મિલકતમાંથી વસૂલ લઈ શકાશે નહિ. વળી દેણદાર સામે જો કોર્ટનું હુકમનામું થયું હશે તો એટલા રદ થયેલા દેવા પૂરતું તે દેણદારને હુકમનામાની બજવણીમાં કેદ પકડી શકાશે નહિ તથા તેની મિલકત ટાંચમાં લઈ વેચી શકાશે નહિ.

કમિટીનો ફેંસલો

આ કમિટીનો નિર્ણય (આ કાયદામાં રહીને જે કર્યો હશે તે) છેવટનો ગણાશે અને જે કેસમાં નિર્ણય કર્યો હશે તે કેસના તમામ પક્ષકારોને તેમ જ તે પક્ષકારોની મારફતે અથવા અન્વયે જે બીજા હક ધરાવતા હશે તે બધાને આ કમિટીનો નિર્ણય બંધનકારક ગણાશે.

ફેંસલા ઉપર અપીલ: આ કમિટી જે ફેંસલો આપશે તે છેવટનો ગણાશે પણ નીચેનાં કારણોસર ફક્ત એક જ અપીલ થઈ શકશે.

૧. કમિટીનો નિર્ણય અથવા ચુકાદો ગેરવાજબી રીતે મેળવવામાં આવ્યો હોય તો.

૨. કમિટીના નિર્ણય અથવા ચુકાદાને લગતું કામ ચલાવતી વખતે કમિટી અથવા તેના કોઈ પણ સભ્યે લાંચ રુશ્વત લીધી હોય અથવા ગેરવર્તણૂક ચલાવી હોય તો.

૩. કમિટીના નિર્ણય અથવા ચુકાદાને લગતા કામકાજમાં અનિયમિતતા અથવા કાયદાના ઉલ્લંઘનને લીધે અન્યાય થયો હોય તો.

૪. કાયદાની કંઈ ભૂલથી અથવા પુરાવાની ભૂલભરેલી તુલનાથી અન્યાય થયો હોય તો.

ઉપરનાં કારણો સિવાય બીજા કોઈ પણ કારણસર કમિટીએ આપેલો ફેંસલો અપીલમાં રદ કરી શકાશે નહિ કે તેમાં ફેરફાર કરી શકાશે નહિ.

જો દેવાદારને કમિટીના ફેંસલા પ્રમાણે કુલ આપવાનું દેવું રૂા. ૫૦૦૦) ની અંદર હશે તો ફર્સ્ટ કલાસ સબજજની કોર્ટમાં અને રૂા. ૫૦૦૦) થી વધારે હશે તો ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમાં એક જ અપીલ થઈ શકશે. આ અપીલ કમિટીના ફેંસલાની તારીખથી ૬૦ દિવસની અંદર કરવાની છે. અપીલની યાદી સાથે કોર્ટ ફી કાયદામાં જણાવ્યા પ્રમાણે રજૂ કરવાની છે.

ફેંસલા ઉપરથી હુકમનામું

કમિટી પોતાનો ફેંસલો ફર્સ્ટ કલાસ સબજજને મોકલશે, જે તે ફેંસલો નોંધશે. વળી જે તારીખથી

તે નોંધાશે તે તારીખથી તે પક્ષકારો વચ્ચેની સઘળી લેવડદેવડો રદ કરશે. અને તેમાં જણાવેલાં દેવાંની બાબતમાં દીવાની કોર્ટનાં આગળનાં હુકમનામાં તથા નિર્ણયો રદ કરશે, અને એવા દેણદારને અને તેના લેણદારોને તથા તેમના હિતસંબંધવાળા વારસોને તે ફેંસલો બંધનકારક ગણાશે.

એવી રીતે નોંધેલો ચુકાદો જે કોર્ટમાં નોંધવામાં આવ્યો હોય તે કોર્ટના હુકમનામાની જેમ તે ચુકાદાની બજવણી થઈ શકશે.

કમિટી અથવા આ કાયદામાં જણાવેલી કોર્ટ આગળ જે કંઈ કામ ચાલતું હશે તે સંબંધમાં અથવા તેમની કામ ચલાવવાની રીતના સંબંધમાં અથવા તેમના ફેંસલા, હુકમ કે નિર્ણય કાયદેસર છે કે કેમ તે સંબંધમાં અથવા તે ફેંસલામાં જે દેવું આપવાનું ઠરાવ્યું હોય તે સંબંધમાં દીવાની કોર્ટમાં દાવો ચાલી શકશે નહિ.

અપ્રામાણિક દેણદાર

જો પોતાના લેણદારોના કોઈ કાયદેસર હકને ડુબાવવા દેણદારે કોઈ પણ લેણદાર સાથે મળી જઈ ખોટો દાવો નોંધાવડાવ્યો છે એવું કમિટીને માલૂમ પડશે તો કમિટી તે દેણદાર પાસેનું દેવું ઉપર લખ્યા પ્રમાણે કમી કરશે નહિ પણ તેની પાસેથી પુરું દેવું અપાવશે.

જો કમિટીએ ચુકાદો આપ્યા પછી કોઈ પણ પક્ષકારે તેને કરેલી અરજી ઉપરથી અથવા કોઈ પણ બીજી રીતે કમિટીને એમ જણાય કે ચુકાદો આપવામાં આવ્યો તે વખતે દેણદાર પાસે જે બીજી મિલકત હતી તે મિલકત બાબત કમિટીને જાણ કરવામાં આવી ન હતી અથવા ચુકાદામાં જે કોઈ પણ મિલકતનો સમાવેશ કર્યો હોય તે મિલકત દેણદારની માલકીની ન હતી, તો કમિટી આ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, તે ચુકાદો ફરીથી ઉખેળવા તથા દેવાની ફરીથી તોડજોડ કરવા મુખત્યાર છે.

આ કાયદા નીચે ચાલતા કોઈ પણ કામમાં જે કોઈ શખસ જાણીબૂજીને ખોટી હકીકત રજૂ કરશે, જાણીજોઈને કમિટી આગળ ખોટો દસ્તાવેજ રજૂ કરશે, જે કેફિયત ખોટી છે તેવું જાણ્યા છતાં રજૂ કરશે, અથવા ઉપરના કોઈ પણ કામમાં મદદગારી કરશે તો તે શખસ છ માસ સુધીની કેદની સજા અથવા દંડની સજા અથવા એ બન્ને સજાને પાત્ર થશે.

કોઈ પણ કાયદો અથવા કરાર હોય તે છતાં આ કાયદાની રૂએ કરેલા કોઈ પણ ચુકાદામાં પક્ષકાર હોય તેવો દેણદાર; તે ચુકાદામાં દાખલ કરેલી કોઈ પણ મિલકત, મુંબઈ સરકારની અગાઉથી પરવાનગી લીધા સિવાય, બીજાને નામે ચડાવી આપે તો તે કાયદેસર ગણાશે નહિ.

જે દેણદારની સામે આ કાયદા પ્રમાણે ફેંસલો આપવામાં આવ્યો હશે અને જેની પાસે સહકારી મંડળીના કાયદા નીચે સ્થપાયેલી રિસોર્સ સોસાયટીનું અથવા જેની પાસે આ કાયદાથી માન્ય કરેલા એવા શખસનું લેણું હશે તેવો દેણદાર તે સોસાયટી અથવા તે શખસની પહેલી મંજૂરી લીધા સિવાય પોતાનો ઊભો પાક અથવા પોતાની જમીનનું ઉત્પન્ન વેચશે અથવા બોજો કરશે તો તે ગેરકાયદે ગણાશે.

જે દેણદાર ઉપર પ્રમાણે વેચાણ અથવા બોજો કરશે અને જે શખસ જાણીબૂજીને પોતાને માટે આવું વેચાણ અથવા બોજો કરાવશે તે ૭ માસ સુધીની કેદની અથવા રૂ. ૫૦૦ સુધીના દંડની સજાને પાત્ર થશે.

આ કાયદાનો ટૂંક સાર

૧. જે ખેડૂત તા. ૧ લી એપ્રિલ ૧૯૩૭ પહેલાંથી જાતે ખેતી કરતો હશે અને જેનું દેવું તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૯ના રોજ રૂપિયા પંદર હજારથી વધારે નહિ હોય, તેને આ કાયદાનો લાભ મળશે.

૨. ખેતી અંગેની જાતમજૂરી તથા બીજી જાતમહેનત અંગેની મજૂરીનું દેવું હોય તેને આ કાયદો લાગુ પડશે નહિ.

૩. ફડચા કમિટી નિમાયાની તારીખથી ૧૮ માસની અંદર દેણદારે અથવા તેના લેણદારે તેના દેવાના તોડજોડની અરજી કમિટીને કરવી પડશે.

૪. દેવાની ખાનગી પતાવટ કરવામાં આવી હશે તો પતાવટ થયાની તારીખથી ત્રીસ દિવસમાં તે પતાવટ નોંધવાની અરજી કમિટીને કરવી પડશે.

૫. ઉપર લખ્યા પ્રમાણે અરજી કમિટીને મુદતસર નહિ કરવામાં આવે તો તે દેવું ભરપાઈ થઈ ગયેલું છે એમ ગણાશે.

૬. કોર્ટ આગળ ચાલતા દાવા તથા હુકમનામાં આ કમિટીઓને સોંપાશે.

૭. કમિટી નીચે પ્રમાણે દેણદારને રાહત આપશે:

(૧) લેણદેણની શરૂઆતથી વ્યાજ મુદ્દલનો જુદો હિસાબ તૈયાર કરશે. (૨) મુદ્દલ કરતાં વધારે વ્યાજ નહિ અપાવે. (૩) સને ૧૯૩૧ પહેલાંના દેવા ઉપર વધારેમાં વધારે ૧૨ ટકા લેખે અને ત્યાર પછીના દેવા ઉપર વધારેમાં વધારે ૯ ટકાનું સાદું વ્યાજ ગણવામાં આવશે. (૪) સને ૧૯૩૧ પહેલાંના દેવામાંથી ૪૦ ટકાનો કાપ મૂકી તેટલું દેવું ઓછું કરવામાં આવશે. (૫) સને ૧૯૨૭ પછીનાં વેચાણખતો ખરાં વેચાણખતો નથી પણ ગીરોખત છે એવું ઠરાવવાની કમિટીને સત્તા છે. (૬) ગીરોની

મિલકતની ઊપજ વ્યાજના બદલામાં લેવાનો કરાર હશે તોપણ તે ઊપજ મજરે અપાવશે. (૭) દેણદારને વધારે રાહત આપવા સારુ દેણદારની મિલકતની કિંમતના ૮૦ ટકાથી વધારાનું દેવું રદ કરવામાં આવશે અને ખેડૂત તે દેવું આપવાને શક્તિમાન ન હોય તો તેને પચીસથી વધારે નહિ તે પ્રમાણેના હપતા કરી આપવામાં આવશે. (૮) જો લેણદારો કબૂલ થશે તો દેણદારની મિલકતની કિંમતના ૫૦ ટકા જેટલું દેણદારનું દેવું કમી કરી દેવા પેટે લેણદારોને લૅન્ડમૉર્ટગેજ બૅંકના બૉન્ડ આપશે. (૯) જો કમિટીને એમ માલૂમ પડશે કે હપતાથી પણ દેણદારનું દેવું ચૂકવાય તેમ નથી તો તેની અડધી મિલકત વેચીને તમામ દેવું ભરપાઈ કરવામાં આવશે.

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ,
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ